# વિધાનસભાના ચૂંટણી પરિણામોઃ

# 2014ની લોકસભાની ચૂંટણીનો ધોરીમાર્ગ

- અરુણ જેટલી

**(રાજ્યસભાના વિપક્ષી નેતા)**

પાંચ રાજ્યોની વિધાનસભા ચૂંટણીઓના પરિણામો જાહેર થયા. ભાજપની છાવણીમાં અમે પરિણામોથી સંતુષ્ટ છીએ. મધ્ય પ્રદેશ સુશાસનનો ઉત્તમ નમુનો બની ગયો. શ્રી શિવરાજસિંહ ચૌહાણે બિમારૂ રાજ્યને વિકાસના માર્ગે અગ્રેસર બનાવી દીધું. તે રાજ્યમાં રોડ નેટવર્કમાં મોટા પ્રમાણમાં સુધારા થયા છે અને સામાજિક યોજનાઓ ઘણી સફળ નિવડી છે. ભાજપે તે રાજ્યમાં સરકાર-વિરોધી લોકજુવાળની શક્યતાને ફગાવી દઈને સફળતાની હેટ્રિક સર્જી છે.

મધ્ય પ્રદેશમાં અગાઉ જે વિસ્તારમાં ભાજપનું વર્ચસ્વ ન હતું એવો છત્તીસગઢ પ્રદેશ અલગ રાજ્ય બન્યા પછી ત્યાં ભાજપની સ્થિતિ મજબુત બની છે. તે રાજ્યમાં પણ ભાજપે સફળતાની હેટ્રિક સર્જી છે. તે બેઉ રાજ્યોમાં વર્ષ 2018 સુધી સરકાર ટકે તો કોંગ્રેસે લગભગ બે દાયકા તે બેઉ રાજ્યોમાં સત્તાથી વંચિત રહેવું પડશે.

રાજસ્થાનનો વિજય ભાજપ માટે મહત્ત્વપૂર્ણ છે. વસુંધરા રાજે સિંધીયાની નેતાગીરીએ ઘણી લોકપ્રિયતા હાંસલ કરી છે. મેં રાજસ્થાનમાં ચૂંટણી પ્રચાર વીજળી વેગે ચાલી રહ્યો

હતો તેને નજરોનજર નિહાળ્યો હતો. ભાજપે તે મોટા રાજ્યમાં સર્વાધિક બહુમતી હાંસલ કરી છે. ભાજપે 82 ટકા બેઠકો પર વિજય મેળવ્યો છે.

દિલ્હીમાં ભાજપને સૌથી વધુ બેઠકો પ્રાપ્ત થઈ છે. જો કે તે રાજ્યમાં અપેક્ષા કરતા 5-6 ઓછી બેઠકો મળી. આમ આદમી પાર્ટીને પહેલી જ ચૂંટણીમાં મળેલી સફળતા બદલ હું તેઓને અભિનંદન આપું છું. તે પક્ષના ઉમેદવારો જનતાની નજરમાં આવ્યા એટલા પ્રમાણમાં તેઓ પોતાનો સંદેશો પહોંચાડી શક્યા. ભાજપને વિજ્ય ભણી દોરી જનાર શ્રી રાજનાથ સિંહને પણ હું અભિનંદન આપું છું. પાંચેય રાજ્યોમાં વ્યાપક પ્રચાર કરનાર શ્રી નરેન્દ્ર મોદી પણ અભિનંદનને પાત્ર છે.

આ પરિણામો અમને લોકસભાની આગામી ચૂંટણીનો પ્રચારવ્યૂહ ઘડવામાં મદદરૂપ થશે. પાંચ રાજ્યોના 72 સંસદીય મતવિસ્તારોમાં આ ચૂંટણી યોજાઈ. તેમાં કોંગ્રેસને બહુ જ ઓછી બેઠકો મળી. ગણતરી માંડીએ તો ભાજપને 72 વિસ્તારોમાંથી 65 વિસ્તારોમાં જીત હાંસલ થઈ. લોકસભાની આગામી ચૂંટણીમાં મુખ્યત્વે ભાજપ અને કોંગ્રેસ વચ્ચે જ મુકાબલો જામશે. વિધાનસભાની ચૂંટણીના પરિણામો લોકસભાની ચૂંટણીમાં રહેનારા ટ્રેન્ડનો અણસાર આપે છે. વિધાનસભાની ચૂંટણીમાં અમારો સ્ટ્રાઈક રેટ આશરે 70 ટકા રહ્યો. આ કંઈ નાનીસુની સફળતા નથી.